

## બારડોલીમાં BSNLનો વર્ષો જૂનો પ્રાઈમરી પિલર ધરાશાયી

બારડોલીઃ આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈ-સ્પીડ મોબાઈલ કનેક્ટિવિટીના યુગમાં સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલનાં લેન્ડલાઈન જોડાણો હવે માત્ર સરકારી કચેરીઓ કે ગણીગાંઠી ઓફિસો પૂરતા મર્યાદિત રહી ગયા છે. આ બદલાતા સમયની વચ્ચે બીએસએનએલની જાળવણીના અભાવનાં દશ્યો બારડોલીના સ્ટેશન રોડ પર જોવા મળી રહ્યાં છે. અહીં પાટીદાર જિન કોમ્પ્લેક્સ પાસે આવેલું બીએસએનએલનું વર્ષો જૂનું પ્રાઈમરી પિલર (મોટી લોખંડની પેટી) હાલ ધરાશાયી હાલતમાં જોવા મળી રહ્યું છે. એક સમયે જ્યારે ટેલિફોન જોડાણોની સંખ્યા પુષ્કળ હતી, ત્યારે આ પિલર દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં કેબલનું વિભાજન કરવામાં આવતું હતું. જો કે, હવે મોટા ભાગનાં કનેક્શન બંધ થઈ ગયા હોવાથી આ જમીનદોસ્ત થયેલી પેટી પ્રત્યે તંત્ર સાવ નિંભર બની ગયું હોય તેમ લાગે છે. નજીકના રહેવાસીઓ અને વેપારીઓનું કહેવું છે કે આ પેટી રસ્તા પર પડી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે નડતરરૂપ બની રહી છે.

## ધોરણ પારડી ગામમાં પાપડ બનાવતી ફેક્ટરીમાં આગ લાગી

**મશીનના** પટ્ટાના ઘસારાના લઈને આગ લાગી, રૂ.30 લાખથી વધુનું નુકસાન



વિશાલ પટેલ

કામરેજઃ ધોરણપારડી ગામ નજીક ચોખા ફેકટરીમાં મશીનની અંદર આવેલા પટ્ટાના ઘસારાના લઈને આગ લાગતાં અંદાજે બે મશીન મળી અંદાજે રૂ.30 લાખનું નુકસાન થવા પામ્યું છે.

સુરતના વરાછા ખાતે જોલી એક્લવમાં ચોથા માળે ફ્લેટ નંબર એ 402 માં નિકુંલ રવજીભાઈ ટાંક રહે છે. કામરેજ તાલુકાના ધોરણપારડી ગામની હદમાં ફુડ પ્રોડક્ટ કંપનીમાં ચોખાના પાપડ બનાવવાની ફેકટરી અન્ય ત્રણ ભાગીદારો સાથે ચલાવે છે. સાંજે 5.20 કલાકે કંપનીના મેનેજરક રાજ રણછોડ ગજેરાએ કંપનીમાં લાઈટ જતી રહી હતી. બાદમાં લાઈટ આવતા પાપડ બનાવવાના મોટા મશીનમાં અચાનક ધુમાડો થતાં સાથે કામ કરતાં મજૂરો ત્યાં જઈને જોતા અચાનક જ મશીનમાં આગ લાગી ગઈ હતી. આગ જોતજોતામાં વધી જતાં ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગ દ્વારા પાણીનો છંટકાવ કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો પરંતુ ત્યાં સુધીમાં પાપડ બનાવવાનું એક મોટું તેમજ નાનું મશીન આગની ઝપેટમાં આવી જતાં સળગી ગયું હતું. આગ લાગવાનુ પ્રાથમિક તારણ મશીનની અંદર આવેલા પટ્ટાના ઘસારાના કારણે અચાનક આગી મશીન સળગી જતાં અંદાજે 30 લાખથી વધુનું નુકસાન થવા પામ્યું છે.

## નવાગામ ઉદ્યોગનગર બ્રિજ પર ટેમ્પો પલટી મારી ગયો



વિશાલ પટેલ

કામરેજઃ કામરેજના નવાગામ બ્રિજ પર શનિવારના રોજ બપોરે મુંબઈ-અમદાવાદ નેશનલ હા.નં.48 પર સુરતથી મેદો ભરીને ભરૂચ જતો આઈસર ટેમ્પો નંબર જીજે 26 યુ 2340નું પાછળનું વ્હીલ નીકળી જતાં ટેમ્પો રોડ પર જ પલટી મારી ગયો હતો. ટેમ્પોમાં હમાલીનુ કામ કરતો રાકેશ શ્રી ગુરુકમડ (ઉં.વ.45, રહે., નવાગામ, ડિંડોલી)ને માથાના ભાગે ઈજા થતાં 108 માં સારવાર માટે કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યો હતો. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનાની જાણ સુરત જિલ્લા ટ્રાફિકને થતાં તુરંત ક્રેનની મદદથી ટેમ્પોને રોડની સાઈડમાં કરાવી ટ્રાફિક ખુલ્લો કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દસ્તાન રેસિડેન્સી પાસે કાર ગટરમાં ખાબકી



ઈલ્યાસ શેખ

પલસાણાઃ કડોદરાથી બારડોલી તરફ જતા માર્ગ પર શનિવારે વહેલી સવારે એક કાર અકસ્માતની ઘટના બની હતી. મળતી માહિતી મુજબ સ્વિફ્ટ કાર નં.(GJ 19 BE 6617) નો ચાલક કાર લઈને કડોદરા તરફથી બારડોલી તરફ જઈ રહ્યો હતો. દરમિયાન દસ્તાનમાં આવેલી દસ્તાન રેસિડેન્સી પાસે પહોંચતા કારની ડાબી બાજુના આગળના ટાયરનું એક્સલ અચાનક તૂટી જતાં ચાલકે સ્ટિયરિંગ ઉપરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે કાર રોડની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ઊંડી ગટરમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માતને કારણે કારમાં બેઠેલા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જો કે, સદનસીબે આ ગંભીર દેખાતા અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

### સોનગઢમાં ભરબપોરે બંધ મકાનમાંથી 53 હજારની ચોરી થતાં પોલીસ ફરિયાદ

સોનગઢઃ સોનગઢના નયનદીપ કોમ્પ્લેક્ષમાં તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી કુલ રૂ.53,200ની મત્તા પર હાથફેરો કર્યો છે.

ગત તા.10/03/2026ના રોજ ફરિયાદી સમિનાબેન પટેલ બપોરના સમયે કુટુંબી સંબંધીના મૈયતમાં ગયાં હતાં. આ અઢી કલાકના સમયગાળા દરમિયાન તસ્કરોએ મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બેડરૂમના કબાટમાંથી તસ્કરોએ રૂ.50,000 રોકડા અને રૂ.3,200ની કિંમતનું ચાંદીનું બ્રેસલેટ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. પવિત્ર રમઝાન માસના કારણે ફરિયાદીએ મોડી ફરિયાદ નોંધાવી હતી.

### કપુરામાં અજાણ્યા વાહન અડફેટે આધેડનું મોત

વ્યારાઃ વ્યારા-કપુરા હાઈવે પર રાઈસ મિલ પાસેથી નોકરી પર બાઇક પર જતી વેળા પસાર થતી વેળા 43 વર્ષીય પરેશભાઈ શિવાજીભાઈ ગામીતને ગત 2 માર્ચના રોજ અજાણ્યા વાહને ટક્કર મારી હતી. સુરત સિવિલ હોસ્પિટલમાં છ દિવસની સારવાર બાદ તેમનું મોત થયું હતું.

### સાયણમાં ચોર ઇન્ડસ ટાવર પરથી બે અંઝના કાર્ડની ચોરી કરી ગયો

સાયણઃ સુરત શહેરમાં ઉત્રાણ કોમ્યુનિટી હોલની બાજુમાં કીર્તિનગર સોસાયટી મકાન નં.૧૫૦માં રહેતા મનીષ રમેશભાઇ સોલંકી (ઉં.વ.૪૪) છેલ્લાં ૭ વર્ષથી ઇન્ડસ ટાવર ગુજરાતના આર. એસ. સિક્યુરિટીના સુરત ઝોનના સર્વેલન્સ સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. તેણે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી કે, ગત તા.૧૩ ફેબ્રુઆરીથી તા.૧૪ માર્ચના સમયગાળા દરમિયાન અમારી કંપનીએ સાયણ ટાઉનમાં વ્રજભૂમિ રેસિડેન્સી-૧ના ટેરેસ ઉપર રાંદલ માતાના ખાડા વિસ્તારમાં લાભુ વિઠ્ઠલભાઇ સાકરિયાની જગ્યામાં લગાવેલા ટાવર પરથી કોઈ ચોર ઈસમ અંઝના કાર્ડ નંગ-૨, અંદાજિત કિં.રૂ.૬૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો છે. જેના પગલે ઓલપાડ પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હે.કો. અનિલ નગીન કરી રહ્યા છે.

### તરસાડી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મોત

હથોડાઃ તરસાડીથી મુંબઈ તરફ જતા એક્સપ્રેસ હાઈવે પર શનિવારે બપોરે કોઈ અજાણ્યા વાહન ચાલકે એક ૩૫થી ૪૦ વર્ષીય અજાણ્યા પુરુષને ટક્કર મારતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમ માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

### કામરેજ ચાર રસ્તાની કોલેજોમાં છ દિવસીય વર્કશોપ યોજાયો



વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી કે.એમ. ભક્તા આટ્ર્સ, એ.એન.શાહ સાયન્સ તથા એન.એફ.શાહ કોમર્સ કોલેજ ખાતે તા.૫થી ૧૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન ઈનોવેશન ક્લબ દ્વારા છ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ કોલેજના આચાર્ય ડો.નીતિન શાહના માર્ગદર્શન હેઠળ અને ઈનોવેશન ક્લબના કો ઓર્ડિનેટર પ્રા.નિસર્ગ કોઠારી અને ઈનોવેશન ક્લબના સભ્યોના સહકારથી સફળતાપૂર્વક યોજાયો હતો. વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીઓને બેઝિક અને એપ્લાઇડ ઈલેક્ટ્રોનિક્સ, લોજિકલ થિંકિંગ, ટિન્કરકેડ સિમ્યુલેશન, ઊર્જા સંરક્ષણ, AI આધારિત ડિજિટલ ટૂલ્સ, Arduino આધારિત સ્માર્ટ મોનિટરિંગ, રોબોટિક્સ તેમજ ડ્રોન ટેક્નોલોજી અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## કોસંબામાં ગેસનો જથ્થો પૂરતો છે પોલીસે ગ્રાહકોને માંડ સમજાવ્યા!

**પુરવઠો** હોવા છતાં કોસંબા નિલેશ ગેસ એજન્સી પર ગેસની બોટલ માટે અંધાધૂંધી





ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ વિદેશમાં ચાલી રહેલા યુદ્ધને પગલે ભારત દેશમાં ગેસ બોટલની અછત સર્જાવાને પગલે કોસંબા પંથક વિસ્તારમાં ભલે ગેસ એજન્સીઓ પર પૂરતો જથ્થો છે, છતાં પણ અધીરા બનેલા ગ્રાહકો સવાર પડે કે બોટલ લઈને ગેસ એજન્સી પર પહોંચી જતા અને એજન્સી પર પૂરતો જથ્થો હોવા છતાં વિના માટે અંધાધૂંધી અને વિસ્તારમાં ખોટી અફવા ફેલાતાં શનિવારે કોસંબાના પી.આઈ. રાકેશ મારુ સ્ટાફ સાથે નિલેશ ગેસ એજન્સી ખાતે ધસી ગયા હતા. ગેસ એજન્સીના સંચાલક ધનેશ પારેખ સાથે ગેસના જથ્થા બાબતે પૂછપરછ કર્યા બાદ ગેસ એજન્સીની બહાર સંચાલક સાથે ઊભા રહી ગ્રાહકોને વિશ્વાસ અપાવતા કહ્યું હતું કે, કોસંબાની નિલેશ ગેસ એજન્સી ખાતે ગેસ બોટલનો જથ્થો પૂરતી માત્રામાં છે. રોજ ગ્રાહકોને મળે છે, મળશે. તકસાધુઓ દ્વારા ફેલાવવામાં આવતી ખોટી અફવાથી સાવધાન રહેવું જોઈએ અને નિયમિત રીતે મળી રહેલા ગેસના જથ્થાને કારણે કોઈએ પણ ખોટી રીતે દોડાદોડી કરવી જોઈએ નહીં. નિલેશ ગેસ એજન્સી પર શનિવારે પણ ગ્રાહકોની મોટી કતાર જોવા મળી હતી. કોસંબા પોલીસે ગ્રાહકોને સંબોધન કરી વિશ્વાસ આપતા આખરે ગ્રાહકોએ પણ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સોનગઢ RTO પાસે 8 ભેંસને ક્રૂરતાપૂર્વક લઈ જતી ટ્રક ઝડપાઈ

**કુલ 9.50** લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

સોનગઢઃ સુરત-ધુલિયા નેશનલ હાઈવે પર સોનગઢ પોલીસે બાતમીના આધારે નવા આર.ટી.ઓ. પાસે પશુઓ પ્રત્યેની ક્રૂરતાના એક મોટા ગુનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગેરકાયદે રીતે કતલ કરવાના ઈરાદે લઈ જવાતી ૮ ભેંસને બચાવી લીધી છે. શુક્રવાર,૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦:૧૦ કલાકે પોલીસને બાતમી મળી હતી કે એક આઈસર ટ્રકમાં પશુઓને ક્રૂરતાપૂર્વક ભરીને લઈ જવામાં આવી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સોનગઢ-ઉચ્છલ રોડ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ આઈસર ટ્રક નં.(GJ-23-AW-7254) ને અટકાવી તપાસ કરતાં તેમાંથી અત્યંત દયનીય હાલતમાં બાંધેલી ૮ ભેંસ મળી આવી હતી. આ ભેંસોને ટૂંકા દોરડા વડે અત્યંત ગીચતાપૂર્વક બાંધવામાં આવી હતી અને પશુઓ માટે ઘાસચારા, ખોરાક કે પાણીની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. આ પશુઓને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે બજારમાં વેચાણ માટે લઈ જવામાં આવતાં હતાં, પરંતુ આરોપીઓ પાસે પશુઓની હેરફેર માટે જરૂરી સક્ષમ અધિકારી કે વેટરનરી ઓફિસરનું પ્રમાણપત્ર નહોતું. પોલીસે આ મામલે ૮ ભેંસ, આઈસર ટ્રક અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૯,૫૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ઘટના સ્થળેથી ડ્રાઈવર સમીર શહિદ પટેલ (ઉં.વ.૨૩) અને ક્લીનર સિરાઝ યાકુબ પટેલ (ઉં.વ.૨૭) (બંને રહે.,કરજણ, વડોદરા)ની ધરપકડ કરી છે. જ્યારે ભેંસો ભરી આપનાર મુખ્ય સૂત્રધાર સમીર મુસાભાઈ પટેલ (રહે. સાંપા, કરજણ)ને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વ્યારાના ટીચકપુરા પાસે ગેરકાયદે ભેંસો ભરી જતી ટ્રક પકડાઈ, ડ્રાઇવર-ક્લીનરની અટકાયત

વ્યારાઃ વ્યારા પોલીસે ટીચકપુરા પાસે હાઈવે પર નાકાબંધી કરી વડોદરાથી મહારાષ્ટ્ર જતી એક શંકાસ્પદ કન્ટેનર ટ્રક નં.(GJ 16 AY 4657) ને અટકાવી હતી. તપાસ દરમિયાન બંધ બોડીના ટ્રકમાંથી ક્રૂરતાપૂર્વક ખીચોખીચ ભરેલી 18 ભેંસ મળી આવી હતી. પોલીસે ઘટના સ્થળેથી ટ્રક ચાલક ઈમરાન ઈશાકઅલી ડેમા (ઉં.વ.36) (રહે.,મેસરાદ લાંગિયું ફળિયું, તા.કરજણ, જિ.વડોદરા) તથા ક્લીનર ઈમરાન લિયાકત સિંધી (ઉં.વ.45) (રહે.,વલણ સિંધીવાડ ફળિયું, તા.કરજણ)ની ધરપકડ કરી છે, જ્યારે પશુઓ ભરાવી આપનાર ઇમરાન યુસુફ કુહાડિયા અને ટ્રક માલિક ઇમરાન ઇસ્માઇલ પટેલને વોન્ટેડ જાહેર કર્યા છે. પ્રાથમિક પૂછપરછમાં આ પશુઓ કોઈપણ પાસ-પરમિટ વગર મહારાષ્ટ્રના કોપર ગામે લઈ જવાતા હોવાનું ખુલ્યું હતું. પોલીસે રૂ.2.60 લાખની કિંમતની ભેંસ અને રૂ.7 લાખની ટ્રક મળી કુલ રૂ.10.60 લાખનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

## વ્યારા નગર પાલિકાના વર્તમાન સત્તાધીશોની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ

**વ્યારા** પાલિકાના વહીવટ માટે પ્રાંત અધિકારી વહીવટદાર તરીકે નિમાયા

વ્યારાઃ વ્યારા નગર પાલિકાની વર્તમાન શાસકોની પાંચ વર્ષની ટર્મ ગત શુક્રવારે પૂર્ણ થતાં છેલ્લાં અઢી વર્ષથી પાલિકા પ્રમુખપદે રહેલા રિતેશ ઉપાધ્યાય દ્વારા પાલિકાના વહીવટનો ચાર્જ નિયમ અનુસાર સુપરત કરવામાં આવ્યો હતો. ત્યારે હવે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વ્યારા પાલિકાની ચૂંટણી યોજાઈ અને ચૂંટણીનું પરિણામ આવે ત્યાં સુધી વ્યારા નગર પાલિકાનો વહીવટ વ્યારાના પ્રાંત અધિકારીને સોંપવામાં આવ્યો છે.

આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત જિલ્લામાં વ્યારા નગર પાલિકાની ચૂંટણી પણ યોજાશે ત્યારે વ્યારા નગરમાં પાલિકાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. વ્યારા નગરપાલિકાના 7 વોર્ડ માટે 28 બેઠક માટે સીમાંકન જાહેર કરાયું હતું જે જાહેરનામા મુજબ કુલ 28 બેઠકમાંથી મહિલાઓ માટે 14 બેઠક અનામત રાખવામાં આવી છે. તેમજ 15 બેઠક અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવી છે.

જો કે, બેઠક ફાળવણીને લઈને વાંધા અરજીઓ પણ કરવામાં આવી છે ત્યારે હજુ વ્યારા નગર પાલિકાની ચૂંટણી માટે સુધારા સાથે બેઠક ફાળવણીને લઈને છેલ્લું ચિત્ર હજું તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરાયું નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ-2021માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વ્યારા નગરપાલિકામાં ભાજપે પ્રચંડ જીત મેળવી સત્તા ટકાવી રાખી હતી અને પાંચ વર્ષ સફળતાપૂર્વક પાલિકા પર શાસન સંભાળવામા ભાજપ સફળ રહ્યો હતો. ત્યારે હવે ટર્મ પૂરી થતાં હવે ભાજપ સહિત કોંગ્રેસ અને આપના નેતાઓએ વ્યારા પાલિકાની ચૂંટણી માટે અત્યારથી કમર કસવાની શરૂઆત કરી દીધી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ

ટચૂકડી

મંગળવાર, શુક્રવાર, રવિવાર

હવે શબ્દ દીઠ ₹૯ +(GST)

ઓછામાં ઓછા ૧૨ શબ્દો

: જાહેરખબર આપવા માટે મળો :

ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**મોતીયાનુ ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**સરળ Bank Loan**
કરાવી આપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (890)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**રોશનીશિવ ટ્રાવેલ્સ**
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્વાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

**રોયલ ભુતાન.**
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન.ઉ.તારીખઃ 22-05-26.જાણીતું અને અનુભવી નામઃ બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્કઃ 9429507723.JOY N JOY TRAVELS.

**નોકરી વિષયક**

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડક્ટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**વેચાણથી આપવાનું છે**
સેટેલાઇટ બંગ્લોઝ માં સંપૂર્ણ હવા ઉજાસ વાળું
3BHK વીલા
પ્લોટ સાઈઝ : 236 ચો.વાર
બાંધકામ : 3000 ફુટ
ગ્રાઉન્ડ + 1 (સેમી ફર્નીશ્ડ)
વધુ વિગત અને વિઝીટ માટે સંપર્ક કરો
9724230670

**જોઈએ છે**
રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (894)

**Wanted Teacher**
(Hindi and English medium) Science Std 9 & 10, and 11 & 12 account, Statistic, Economics, B.A and S.P Contact: Sarvoday Vidyalay, Ved Road, Bahuchar Nagar, Surat, Mo: 9879039064

**ફ્લેટો વેચવાના છે**
અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા
'માસ્તર્સ ડ્રીમસ્કેપ'
એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો
મો.૯૮૨૪૧૧૨૮૬૮

**જોઈએ છે**
(1) આઈ ટેસ્ટીંગ માટે OPTOMETRIST (એપ્ટોમેટ્રિસ) (2) ચશ્માની લાઈનના જાણકાર સેલ્સમેન સંપર્કઃ 9638954442 (892)

**મિલ્કત ભાડેથી**

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**પ્રોપટી વેચવાની છે**
બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ
જતીન શાહ
9227905111

**લગ્ન વિષયક**

**લગ્ન વિષયક**
કેનેડાનાં રહેવાસી (સીટીઝન) યુવક માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય. ગણપતભાઈ જી. મૈસુરિયા મો. ૯૦૯૯૦૩૭૦૪૯ (891)

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
તમારો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**સુરત નિવાસી**
એકલા રહેતા અપરણિત બ્રાહ્મણ ઉમર વર્ષ 72 નિવૃત પેન્સનર માટે જીવનસાથી જોઈએ છે. અપરણિત, છુટાછેડા, વિધવા ચાલશે (જ્ઞાતિબાધ નથી) 8849938284 (893)

**સુરત રહેતી**
32 વર્ષની જૈન એજ્યુકેડ યુવતી માટે બિઝનેસ ફેમીલીના યુવકના આવકાર્ય 9512318416

**વાહન લે-વેચ**

**છોટા હાથી વેચવાનો**
છે અથવા ૫ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. માલિક કેનેડા જવાનું હોવાથી તાત્કાલિક તસ્દી લેવી, માર્કેટ તથા 30% ઓછા ભાવે ફ્લેટ આપવાના છે 3 રૂમ કીચન, 4000 સ્કેવરફીટ રાંદેર રોડ ઉપર વિજય સેલ્સની સામે આપવાના છે તથા 500 સ્કેવર ફીટની ઓફિસ આપવાની છે તથા પાલનપુર પાટીયા 4 માળની મેઈનરોડ ઉપર કોર્મશિયલ ઓફિસ આપવાની છે. મો: 9426152570 (888)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત વેચવાની છે**

**અડાજણ મા જમનાદાસ**
ઘારીવાળાની સામે ની ગલીમાં જુનુ રો હાઉસ કોર્નરનું વેચાણમાં આપવાનું છે. 165 વાર 1- 20 CR (દલાલ માફ) 9875085968 (889)

**ઓલપાડ સાયણ રોડ**
પર આવેલ શિવશક્તિ રેસીડેન્સીયલમાં પ્લોટ ફાયદામાં અરજન્ટ વેચવાનો. 6354771821

**નવસારી શહેરનાં**
તાલુકા જલાલપોરના મોજે ગામ દિપલામાં આવેલ ગ્રીન ઓશનવે રેસીડેન્સીયલમાં પ્લોટ સસ્તામાં વેચવાનો 6354771821

**વેચવાનું**
એક્યુપ્રેશર બેડ સેન્ટર માત્ર 3 લાખમાં. વાર્ષિક આવક 12 લાખ. 9428533365

**મોરા (હજીરામાં)**
લેબર- સુરવાઈઝરને રહેવા લાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**700 વાર બંગલાનો**
પ્લોટ આદર્શ અને નર્મદનગર સોસાયટી ઘોડદોડ રોડ મા વેચવાનો છે 9376959013

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.